કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

**રાજ્યમાં વધુ ૩૯૪ નવા કેસ : અમદાવાદમાં ૨૭૯ : ગાંધીનગરમાં ૧૧**


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૭૫ | ૨૫ મે, ૨૦૨૦, સોમવાર; જેઠ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ભારતમાં કોરોના બેકાબૂ : નવા ૬૭૪૯ કેસ

## દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧.૩૧ લાખને પાર : વધુ ૧૪૭ના મોત સાથે મૃત્યુઆંક ૩૮૬૭એ પહોંચ્યો : ૫૪,૪૪૧ લોકો સ્વસ્થ : રિકવરી રેટ વધીને ૪૧.૨૮ ટકાએ પહોંચ્યો : ૫ દિવસથી સતત ૫ હજારથી વધુ કેસ બહાર આવ્યાં

ન્યુ દિલ્હી,તા.૨૪

ભારતમાં કોરોના રોગચાળાએ માઝા મૂકી હોય અને ખરા અર્થમાં બેકાબુ બની ગયો હોય તેમ ફરીથી છેલ્લાં ૨૪ કલાકમાં ૬૭૪૯ જેટલા કેસો નોંધાયા હતા. જે ગઈ કાલ કરતાં વધારે અને અત્યાર સુધીમાં નોંધાયોલા કેસોમાં સૌથી વધારે હોવાની નોંધ સત્તાવાળા દ્વારા લેવામાં આવી છે. જ્યારે ૧૪૭ લોકોના મોત નિપજ્યા છે. એટલુ જ નહીં છેલ્લાં ૫ દિવસ સસતત ૫ હજાર કરતાં વધારે કેસો બહાર આવ્યાં છે. પોઝીટીવ કેસોની



સંખ્યામાં ભારત હવે ઈરાનને પાછળ રાખી વિશ્વમાં ૧૦મો અને એશિયાનો બીજો સૌથી સંક્રમિત દેશ બનવાની નજીક પહોંચી રહ્યો છે. જેને એક ભયજનક બાબત તરીકે જોવામાં આવી રહ્યું છે. ઈરાનમાં ૧,૩૩,૫૨૧ કેસ નોંધાયા છે તો ભારતમાં સંક્રમણના કેસ ૧,૩૧,૪૨૦૫૨ પહોંચી ગયા છે. અને ૩૮૬૭ લોકોના મોત થયા છે. જ્યારે પૂર્વોત્તરના રાજ્ય સિક્કીમમાં કોરોના સંક્રમણનો પ્રથમ કેસ સામે આવ્યો છે, દિલ્હીથી પરત ફરેલા

● અનુસંધાન પાન-૭ પર

## મહારાષ્ટ્રમાંથી લોકડાઉન ધીમે ધીમે હટાવીશું : ઉદ્ધવ ઠાકરે

મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ આજે ફેસબુક લાઈવ મારફત રાજ્યની જનતાને સંબોધિત કરી હતી. એમણે કહ્યું કે, કોરોના સામે મહારાષ્ટ્રવાસીઓની લડાઈ સરસ રહી છે. આગળ જતા પરિસ્થિતિ વિકટ બનશે, પરંતુ ગભરાવાનું નથી.

લોકડાઉન ક્યારે ઉઠાવી લેવામાં આવશે? એ વિશે ઠાકરેએ કહ્યું કે લોકડાઉન અચાનક લાગુ કરવામાં આવ્યું હતું, પરંતુ હવે એ અચાનક ઉઠાવી લેવામાં નહીં આવે, પરંતુ ધીમે ધીમે પાછું ખેંચવામાં આવશે. કોરોનાનાં કેસોનો રોજ વધારો થાય છે. તેથી આપણે જિંદગીની ગાડીને ધીમે ધીમે ફરી રસ્તા પર લાવીશું. આપણે આ બીમારી સામે હજી એકદમ કાળજી લેવાની છે. આપણે માસ્ક પહેરવાનું અને સેનિટાઈઝરનો ઉપયોગ કરવાનું ચાલુ જ રાખવાનું છે. દેશમાં કોરોના દર્દીઓના કેસોની સંખ્યાની દ્રષ્ટિએ મહારાષ્ટ્ર પહેલા નંબરે છે. ઠાકરેએ કહ્યું કે મે મહિનાના અંત સુધીમાં રાજ્યમાં કોરોનાના દર્દીઓની સંખ્યા દોઢ લાખ સુધી પહોંચી જશે એવું



કેન્દ્ર સરકાર સંચાલિત આઈસીએમઆરનું અનુમાન હતું, પરંતુ આપણે લોકડાઉનનો કડક રીતે અમલ કરીને અને લોકોએ પણ શિસ્તબદ્ધ રીતે એનું પાલન કરતાં આ સંખ્યા ઘણી જ ઓછી રહી છે.

## કોરોના મુક્ત સિક્કિમમાં કોરોનાનો પ્રથમ પોઝિટિવ કેસ

ગંગટોક,તા.૨૪

દુનિયાભરમાં કોરોના વાયરસ મહામારીનો કહેર જોવા મળી રહ્યો છે. ભારતમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે હવે દેશનું એકમાત્ર રાજ્ય જ્યાં અત્યાર સુધી કોવિડ-૧૯ નો કેસ જોવા મળ્યો નહોતો ત્યાં પણ પહેલો કેસ નોંધાયો છે. દેશના સિક્કિમમાં પહેલો કેસ સામે આવ્યો છે. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યાં અનુસાર રાજ્યમાં કોરોનાવાયરસનો સંક્રમિત વ્યક્તિ ૨૫ વર્ષનો વિદ્યાર્થી છે અને હાલમાં જ દિલ્હીથી પાછો ફર્યો છે.

આરોગ્ય વિભાગના મહાનિદેશક સહ સચિવ પેમ્પા શેરિંગ ભૂટિયાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે વિદ્યાર્થીનું સેમ્પલ સિલિગુડી સ્થિત ઉત્તર બંગાળ ચિકિત્સા મહાવિદ્યાલય તેમજ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યું હતું. જો કે રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૫૪૪૭૬૭૪ | ૩૪૪૭૭૩ | ૨૨૧૩૨૬૦ |
| ભારત | ૧૩૭૬૦૮ | ૪૦૦૪ | ૫૭૨૭૩ |
| ગુજરાત | ૧૪૦૬૩ | ૮૫૮ | ૬૪૧૨ |
| ગાંધીનગર | ૨૨૧ | ૧૩ | ૧૧૧ |

# દેશભરમાં આજથી વિમાની સેવા શરૂ

### મુસાફરી કરનાર તમામે માર્ગદર્શિકાનું ફરજિયાત પાલન કરવું પડશે : માસ્ક, ઓછામાં ઓછો સામાન, સામાજિક અંતરનું પાલન કરવું આવશ્યક રહેશે : હળવા લક્ષણો ધરાવતા યાત્રીને કોવિડ કેર સેન્ટરનો વિકલ્પ અપાશે

નવીદિલ્હી, તા. ૨૪

આવતીકાલે (સોમવાર) થી દેશમાં હવાઈ મુસાફરી શરૂ થવા જઈ રહી છે. તેના એક દિવસ પહેલા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે મુસાફરો માટે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. મુસાફરોએ મુસાફરી દરમિયાન આ બધી બાબતોનું સખતપણે પાલન કરવું જોઈએ. આ માર્ગદર્શિકાનું પાલન કર્યા વિના મુસાફરી કરી શકશે નહીં. તેમાં જણાવાયું છે કે મુસાફરોને ફેસ માસ્ક પહેરવાની જરૂર રહેશે અને તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર થર્મલ સ્કીનીંગ કરવામાં આવશે. આ પછી જ, સ્ટેશનની અંદર મુસાફરોને મંજૂરી આપવામાં આવશે. મંત્રાલયે મુસાફરોના મોબાઈલ ફોન્સ પર આરોગ્ય સેતુ એપ્લિકેશન ડાઉનલોડ કરવાનું પણ વૈકલ્પિક બનાવ્યું છે. માર્ગદર્શિકા વાક્ય જણાવે છે કે ફ્લાઈટમાં ફક્ત આવા મુસાફરોને જ ચઢવાની મંજૂરી આપવામાં આવશે, જેમાં કોરોના વાયરસના કોઈ લક્ષણો દેખાતા નથી.

● અનુસંધાન પાન-૭ પર

## વિમાન સેવા ફરી શરૂ કરવાનો મહારાષ્ટ્ર, છત્તીસગઢનો ઈનકાર

મુંબઈ/રાયપુર,તા.૨૪

બે મહિનાના લોકડાઉન બાદ ભારતમાં સ્થાનિક વિમાન સેવા શરૂ થવાની તૈયારીમાં છે. ૨૫ મે, સોમવારથી આની શરૂઆત થવાની છે. દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી પહેલી ફ્લાઈટ ૨૫ મેની સવારે ૪.૩૦ વાગ્યે રવાના થશે.

પહેલા ચરણમાં ૨,૮૦૦ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ શરૂ કરવાનો કેન્દ્ર સરકારનો પ્લાન છે. પરંતુ, મહારાષ્ટ્ર રાજ્યએ વિમાન સેવા શરૂ કરવાનો ઈનકાર કરી દીધો છે. આને કારણે આ રાજ્યમાંથી વિમાન સફર શરૂ કરવાની ઈચ્છા રાખતા લોકોને આંચકો લાગ્યો છે.

## છેલ્લે... છેલ્લે...

- ગુજરાત યુનિવર્સિટીની સેમેસ્ટ-૬ અને અન્ય પરીક્ષાઓ તથા પીજી સેમેસ્ટર-૧ થી ૪ની પરીક્ષાઓ ૨૫મી જુનથી શરૂ થશે. જ્યારે શૈક્ષણિક કાર્ય ૧લી ઓગસ્ટથી આરંભાશે.
- ઉ.પ્રદેશમાં આજથી સરકારી ઓફિસમાં ૫૦ ટકા સ્ટાફ કામ કરી શકશે
- યોગી આદિત્યનાથને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર શખ્સની મુંબઈમાંથી ધરપકડ

## ભારતીય સેનાએ બડગામમાંથી તૌયબાના ચાર આતંકીઓને ઝડપ્યા

શ્રીનગર,તા.૨૪

જમ્મુ અને કાશ્મીરમાં ભારતીય સૈનિકો સતત આતંકીઓનો ખાતમો કરી રહ્યાં છે. કાશ્મીર ખીણમાંથી આતંકવાદનો સફાયો કરવા માટે બહાદુરીથી સુરક્ષાદળો અભિયાન ચલાવી રહ્યાં છે. આ બધા વચ્ચે સુરક્ષાદળોએ લશ્કર એ તૈયબાના ખૂંખાર આતંકવાદી સહિત ચાર આતંકવાદીની ધરપકડ કરી છે. સૌથી મોટી વાત એ છે કે



પકડાયેલા આતંકીઓમાં લશ્કરનો મુખ્ય સહયોગી વસીમ ગની પણ સામેલ છે. સુરક્ષાદળોને આ સફળતા બડગામમાં મળી છે. ઈન્ડિયન આર્મીની ૫૩-આર આર અને બડગામ પોલીસે જોઈન્ટ ઓપરેશનમાં લશ્કરના એક મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે.

મળતી માહિતી મુજબ રવિવારે બડગામ જિલ્લાના બીરવા વિસ્તારમાં સ્થાનિક

● અનુસંધાન પાન-૭ પર

## લદાખ-ચીન સરહદે ભારતે વધારાના જવાનોને ગોઠવ્યા

નવી દિલ્હી, તા. ૨૪

પૂર્વી લદાખમાં શરૂ થયેલ ભારત અને ચીન વચ્ચે તણાવ વધી રહ્યો છે. હવે બંને દેશોએ ત્યાં મોટી સંખ્યામાં પોતાના સૈન્ય તૈનાત કર્યા છે. પીટીઆઈના જણાવ્યા અનુસાર, ચીને છેલ્લા બે અઠવાડિયામાં ગાલવાન ખીણમાં ૧૦૦ જેટલા તંબુ ઉભા કર્યા છે. તે અહીં મશીનરી પણ લાવી રહ્યો છે જેનો ઉપયોગ બંકર બનાવવા માટે થઈ શકે છે. ભારત પણ પેગોંગ તળાવ અને સરહદ પર પાવર શો કરી રહ્યું છે? ચીને મોટી સંખ્યામાં બોર્ડર ડિફેન્સ રેજીમેન્ટ (બીડીઆર) જવાનો તૈનાત કર્યા છે. ભારતે 'મિરર ડિપ્લોયમેન્ટ' વ્યૂહરચના પણ અપનાવી છે. આનો અર્થ એ છે કે જેટલું માનવશક્તિ અને સંસાધનો ચીન કાર્યરત કરશે, ભારત પણ તે જ સ્વરમાં જવાબ આપશે. ચીને માત્ર સૈનિકોને આમંત્રણ આપ્યું નથી, પરંતુ તળાવમાં બોટોની સંખ્યામાં વધારો કર્યો છે. હવાઈ દેખરેખ માટે ગેલવાન ખીણમાં હેલિકોપ્ટર ઉડાન ભરી રહ્યા છે. ધ પ્રિન્ટના અહેવાલ મુજબ, ચીને અહીં લગભગ ૧૩૦૦ સૈનિકો તૈનાત કર્યા છે. ભારત તે મુજબ સૈન્ય તૈનાત પણ કરી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર પ્રદેશમાં કોરોનાના વોર્ડમાં દર્દીઓ મોબાઈલ રાખી નહીં શકે

લખનઉ,તા.૨૪

દેશભરમાં કોરોનાના આઈસોલેશન વોર્ડમાં હજારો દર્દીઓ ભરતી છે. આમાંથી મોટાભાગનામાં કોઈ લક્ષણ નથી હોતા અને તેઓ ટાઈમ પાસ માટે તથા સ્વજનો સાથે વાત કરવા મોબાઈલનો ઉપયોગ કરતા હોય છે. પણ દેશના સૌથી મોટા રાજ્ય યુપીમાં કોરોનાના આઈસોલેશન વોર્ડમાં દર્દીઓ હવે મોબાઈલ નહી રાખી શકે.


**આત્મનિર્ભર સહાય યોજના ફોર્મ બાબત**

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ. અમદાવાદ તરફથી "ગુજરાત સરકાર પ્રેરિત આત્મનિર્ભર સહાય યોજના" અંગેના લોન ફોર્મ ગુજરાતની કો-ઓપ. ક્રેડિટ સોસાયટી / શરાફી સહકારી મંડળીઓને વિના મૂલ્યે આપવામાં આવશે. જેમણે ફોર્મ લેવા હોય તેમણે ફેડરેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

ઘનશ્યામભાઈ અમીન, ચેરમેન
દુષ્યંતસિંહ સી. વાઘેલા, ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ. અમદાવાદ
મો. 9824646914 Email: gujcreditfed@gmail.com



**અભિનંદન**

ઘરમાં રહો સુરક્ષિત રહો

તમામ મુસ્લિમ બિરોદરોને ઈદમુબારક



મો. ઈસ્માઈલ બી. પઠાણ (પેથાપુર)ને
રાષ્ટ્રીય મુસ્લિમ સેના (સામાજીક સંગઠન)ના
ગુજરાત પ્રદેશ અધ્યક્ષ બનવા બદલ
ખૂબ ખૂબ અભિનંદન.
આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભકામના.

- પાલારી પીરમહંમદ શાહ મહંમદ
- પઠાણ અહેમદખાન બાબુખાન
- જાકીરભાઈ લુહાર
- ફિરોઝભાઈ લુહાર
- રહીમભાઈ મીર (ડભોડા)
- શેખ મોહમ્મદ અયુબ ઈસ્માઈલમિયા
- જહાંગીરભાઈ ભટ્ટી
- રાઠોડ હનીફમિયા યુસુફમિયા
- શેખ અસલમમિયા જહાંગીરમિયા
- અહેસાનભાઈ પરમાર (એડવોકેટ)